ખેડા શહેરમાં દોઢ મહિનાથી રસ્તા-ગટરનું કામ અધૂરું મૂકી એજન્સી ગાયબ , પાલિકાના શાસકોનું ભેદી મૌન

ખેડા પાલિકાના પાપે પરાકાઠીયાવાડ વિસ્તારમાં 'નરકાગાર' જેવી સ્થિતિ!

જૈન દેરાસરના માર્ગે ગંદકીથી ચાતુર્માસ માટે પધારશે ત્યારે સાધુ-સાધ્વીજીઓની હાડમારી વધશે

(પ્રતિનિધિ) ખેડા તા.૮

ખેડા પાલિકાના અણઘડ અને ભ્રષ્ટ વહીવટના કારણે શહેરના પરા દરવાજા વિસ્તારમાં જનજીવન દુષ્કર બન્યું છે. છેલ્લા દોઢ મહિનાથી જૈન દેરાસર વાળી ગલીમાં ગટર અને રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી હતી, જે હજુ સુધી પૂર્ણ ન થતા સ્થાનિકોમાં પાલિકા પ્રત્યે ભારે

રોષ ફાટી નીકળ્યો છે. ખાસ કરીને જૈન દેરાસર સુધી પહોંચવા માટે શ્રદ્ધાળુઓને ભારે દુર્ગંધનો સામનો કરવો પડે છે જેના કારણે જૈન સમાજની ધાર્મિક લાગણી દુભાઈ રહી છે.

ખેડા શહેરમાં ચોમાસા દરમિયાન જૈન સાધુ-સાધ્વીજીઓ વિચરણ કરતા નથી અને એક જ સ્થળે સ્થિર વાસ (ચાતુર્માસ) કરે છે. ખેડાના આ જૈન દેરાસરમાં ચાતુર્માસ માટે પધારતા સાધુ-સાધ્વીજીઓને પાલિકાના પાપે ચાર મહિના સુધી ગંદકી અને હાડમારી વેઠવાનો વારો આવશે તેવી ભીતિ સેવાઈ રહી છે.ચોમાસાની શરૂઆત થઈ ગઈ હોવા છતાં એજન્સી દ્વારા કામ પૂર્ણ કરવાને બદલે અધવચ્ચે છોડી દેવામાં આવ્યું છે.

હાલ ચોમાસુ બેસી ગયું છે તેમ છતાં ખેડાની જનતાની સહેજ પણ ચિંતા કર્યા સિવાય 4 દિવસ પહેલા જ પરા દરવાજા વ્હેરા સુધીનો રોડ રાત્રિના સમયે તોડી પાડવામાં આવ્યો હતો. એજન્સી દ્વારા કોઈ પણ આગોતરી જાણ કર્યા વિના કે ગુણવત્તાની પરવા કર્યા વિના મનસ્વી રીતે કામગીરી કરવામાં આવી રહી છે.

પાલિકા અને એજન્સીની મિલીભગતનો આક્ષેપ

ખેડા શહેરમાં ખોદી નાખવામાં આવેલા રસ્તા અને ગટરના ઉભરાતા ગંદા પાણીના કારણે રોગચાળો ફાટી નીકળવાની પણ દહેશત છે. એજન્સી કેટલાય દિવસોથી ફરકી પણ નથી, જેના કારણે પાલિકા અને કોન્ટ્રાક્ટર વચ્ચેની મિલીભગતની ચર્ચાઓએ જોર પકડ્યું છે. જો વહેલી તકે આ કામગીરી પૂર્ણ કરવામાં નહીં આવે તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી શકે છે.

તંત્રની લાલિયાવાડી: કોન્ટ્રાક્ટર પર કોઈનો અંકુશ નથી?

ખેડા પાલિકામાં ટેન્ડર મેળવનારી એજન્સી આપખુદશાહી ચલાવી રહી છે. સ્થાનિકોને જાણ કર્યા વગર કામો શરૂ કરી દેવાય છે અને પછી તેને અધૂરા મૂકી દેવામાં આવે છે. નવાઈની વાત તો એ છે કે જિલ્લા તંત્રની હાજરી હોવા છતાં, પાલિકાના સત્તાધીશો કે કોન્ટ્રાક્ટર પર અધિકારીઓનો કોઈ જ અંકુશ રહ્યો હોય તેમ જણાતું નથી.

પેટલાદમાં શતાબ્દી રથયાત્રાના રૂટ , સફાઈ અને સુરક્ષા વ્યવસ્થા અંગે બેઠકોનો દોર શરૂ

પેટલાદમાં ઐતિહાસિક ૧૦૦મી રથયાત્રા પૂર્વે વહીવટી તંત્ર સજ્જ

શાંતિ સમિતીની બેઠકમાં પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી

(પ્રતિનિધિ) પેટલાદ તા.૮

પેટલાદના સુપ્રસિદ્ધ રણછોડરાય મંદિરથી આગામી ૧૬મી જુલાઈના રોજ ૧૦૦મી રથયાત્રા પ્રસ્થાન કરનાર છે. આ રથયાત્રાની ઉજવણીને એક શતક પૂર્ણ થતા હોવાથી આ વર્ષે ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

પેટલાદમાં ઐતિહાસિક ૧૦૦મી રથયાત્રાના મંગલ પ્રસંગે નગરમાં શાંતિ અને કોમી

એકતાનો માહોલ જળવાઈ રહે તે હેતુથી આજરોજ નગરપાલિકાના સભાખંડમાં શાંતિ સમિતીની એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. બપોરે ૧૨ કલાકે ઈ.ચા. પ્રાંત અધિકારી અમિત પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં રથયાત્રાના આયોજન અંગે ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રથયાત્રાનો રૂટ, નગરપાલિકા દ્વારા કરવામાં આવનાર સફાઈની કામગીરી, તેમજ વહીવટી અને પોલીસ તંત્રની તૈયારીઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં ઉપસ્થિત નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વાઘેલાએ રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જરૂરી સુરક્ષાત્મક સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ બેઠકમાં વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ, રથયાત્રા કમિટીના સભ્યો અને નગરના પ્રતિષ્ઠિત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને પેટલાદની આ ઐતિહાસિક ૧૦૦મી રથયાત્રાને હર્ષોલ્લાસ અને શાંતિપૂર્ણ રીતે ઉજવવા માટે સહમતી દર્શાવી હતી.

મહીસાગર જિલ્લામાં ૧૧મીએ 'નેશનલ લોક અદાલત' યોજાશે

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૮

નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી, નવી દિલ્હીના આદેશ અનુસાર સમગ્ર દેશની સાથે મહીસાગર જિલ્લામાં પણ આગામી ૧૧મી જુલાઈ, ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એમ.એન. ગડકરીના માર્ગદર્શન હેઠળ જિલ્લાની તમામ અદાલતોમાં કેસોનો સમાધાનકારી ઉકેલ લાવવા માટે આ વિશેષ ઝુંબેશ હાથ ધરાશે.

આ લોક અદાલતમાં ચેક રીટર્ન, મોટર અકસ્માત વળતર, બેંક લેણાં, લગ્ન સબંધી વિવાદો, દીવાની દાવાઓ, સામાન્ય મારામારીના કેસો તેમજ સમાધાન પાત્ર હોય તેવા વીજળી અને પાણીના બીલોના કેસોનો નિકાલ કરવામાં આવશે. આ ઉપરાંત જમીન સંપાદન અને સર્વિસ મેટરને લગતા કેસો પણ હાથ ધરવામાં આવશે.

આ લોક અદાલત એ સમાજમાં તકરાર નિવારણનો શ્રેષ્ઠ માર્ગ છે, જ્યાં બંને પક્ષોની જીત થાય છે. અહીં કેસોનો ચુકાદો આખરી હોય છે, જેની સામે અપીલ થઈ શકતી નથી અને કોઈ વધારાનો ખર્ચ પણ થતો નથી. તેનાથી પક્ષકારોના સમય અને નાણાંની મોટી બચત થાય છે.

આ નેશનલ લોક અદાલતમાં પોતાનો કેસ મૂકવા ઈચ્છતા પક્ષકારોએ પોતાના વકીલ મારફત સંબંધિત કોર્ટનો સંપર્ક કરવો. વધુ માહિતી માટે સચિવશ્રી કે.ટી. ગુરનાની દ્વારા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રૂમ નં. ૧૫, ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગ, લુણાવાડાનો સંપર્ક કરવા જણાવાયું છે.

મહુધાના હેરંજ ગામમાં ડિજિટલ ઇન્ડિયાના દાવાઓ વચ્ચે ૪૦ વર્ષથી પાકો રસ્તો જ ન બન્યો

હેરંજમાં વિકાસ 'કાદવ'માં: બાળકો કીચડ ખૂંદી શાળાએ જવા મજબૂર

તંત્ર અને નેતાઓને વારંવારની રજૂઆતો છતાં પરિણામ શૂન્ય

(પ્રતિનિધિ) મહુધા તા.૮

મહુધા તાલુકાના હેરંજ ગામમાં સરકારના 'બેટી બચાવો, બેટી પઢાવો' અને વિકાસના મોટા-મોટા દાવાઓની પોલ ખોલતો કિસ્સો સામે આવ્યો છે. આધુનિક યુગમાં પણ આ ગામનો એક પરા વિસ્તાર છેલ્લા ચાર દાયકાથી પાકા રસ્તા જેવી પ્રાથમિક સુવિધાથી વંચિત છે, જેના કારણે ચોમાસાની શરૂઆત થતા જ રહીશો અને વિદ્યાર્થીઓની હાલત કફોડી બની ગઈ છે.

મહુધાના હેરંજ ગામના આ પરા વિસ્તારમાં અંદાજે 150 જેટલા લોકો વસવાટ કરે છે. આશ્ચર્યની વાત એ છે કે નજીકના ખીજલપુર ગામમાં માત્ર એક ઘર માટે આર.સી.સી. રસ્તો બનાવવામાં આવ્યો છે, જ્યારે અહીં 150 લોકોની વસ્તી હોવા છતાં 40 વર્ષથી પાકો રસ્તો બનાવવાની તસ્દી લેવાઈ નથી. પ્રથમ વરસાદમાં જ સમગ્ર વિસ્તાર કાદવ-કીચડમાં ફેરવાઈ જતાં તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

ગ્રામજનોએ આ બાબતે સ્થાનિક ધારાસભ્ય, મામલતદાર તેમજ સરપંચ સુધી અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે, પરંતુ તંત્રના બહેરા કાને હજુ સુધી કોઈ અવાજ પહોંચ્યો નથી. હેરંજ ગામના પ્રવેશદ્વારે ગામના નામનું બોર્ડ પણ ન હોવાથી અજાણ્યા રાહદારીઓ અટવાતા હોવાની વિગતો પણ સામે આવી છે. વિકાસની ગતિથી દૂર આ ગામના રહીશોની મુસીબતો પ્રત્યે તંત્ર ક્યારે જાગશે તે મોટો પ્રશ્ન છે.

વૈષ્ણવી કન્સ્ટ્રક્શનના નામે ૧.૨૭ કરોડની ગેરરીતિ

મહીસાગરના નલ સે જલ કૌભાંડમાં કોન્ટ્રાક્ટર સહિત બેની ધરપકડ

સરપંચો સાથે મળી ૨૧ લાખ અંગત ખાતામાં ટ્રાન્સફર કરનાર શખ્સ પણ ઝડપાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૮

વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતા 'નળ સે જળ' મિશનમાં ભ્રષ્ટાચાર કરનારાઓ પર સકંજો કસતા સીઆઈડી ક્રાઇમે મહીસાગર જિલ્લામાં વધુ બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે. આ મહાકૌભાંડમાં અત્યાર સુધીમાં કુલ 48 લોકોની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન મૂળ લિસ્ટમાં નામ ન હોવા છતાં સંડોવણી ખુલતા નવા આરોપીઓને દબોચી લેવામાં આવ્યા છે.

વડોદરા સીઆઈડી ક્રાઇમ બ્રાન્ચે હાથ ધરેલી તપાસમાં આજે બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. ગજેન્દ્રસિંહ રણમલસિંહ ગોહિલ (કોન્ટ્રાક્ટર) એ વૈષ્ણવી કન્સ્ટ્રક્શનના નામે કડાણા, લુણાવાડા, ખાનપુર અને સંતરામપુર તાલુકાના કુલ 16 ગામોમાં 1,27,35,642 ની નાણાકીય ગેરરીતિ આચરી હોવાનું બહાર આવ્યું છે. જ્યારે વસંતભાઈ છગનભાઈ પરમારે કોન્ટ્રાક્ટર ન હોવા છતાં, સરપંચો સાથે મેળાપીપણું કરીને બાલાસિનોરના જનોડ અને વસાદરા ગામની પાણી સમિતિમાંથી 21 લાખ બારોબાર પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આમ, અત્યાર સુધી 48 શખસની ધરપકડ કરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

બાકરોલની સ્પેક કોલેજમાં વિદ્યાર્થીઓ માટે સાત દિવસીય 'ઓરિએન્ટેશન પ્રોગ્રામ' યોજાયો

આણંદ | સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાયડ સાયન્સ, બાકરોલ ખાતે બીએસસી અને એમએસસી (IT)ના નવા વિદ્યાર્થીઓ

માટે સાત દિવસીય અભિમુખતા કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં નિષ્ણાત વ્યાખ્યાનો, યોગ-ધ્યાન, ક્વિઝ અને થેલેસેમિયા તપાસ જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને કોલેજના શૈક્ષણિક વાતાવરણ અને મૂલ્યોથી માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમના અંતિમ દિવસે વિદ્યાર્થીઓએ વડોદરા અને સાવલીની ઔદ્યોગિક મુલાકાત લીધી હતી.

બસો સમસ્ત શ્રીગોડ મંડળની વાર્ષિક સભામાં તેજસ્વી વિદ્યાર્થીઓ અને વડીલોનું સન્માન કરાયું

આણંદ | વડોદરાના હરણી સ્થિત વાલમ હોલમાં બસો સમસ્ત શ્રીગોડ મંડળની વાર્ષિક સામાન્ય સભા પ્રમુખ આશિષ પાઠક અને મંત્રી

જતીન ઉપાધ્યાની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય સાથે યોજાઈ હતી. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ તેમજ સમાજના વડીલો, દાતાઓ અને પૂર્વ હોદ્દેદારોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સભામાં મંડળનો વાર્ષિક અહેવાલ રજૂ કરાયો હતો અને સેલજા દવે તથા સમિતિના સભ્યોના સહયોગથી સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદની દીકરીની પર્વતારોહણમાં મનાલીના 'પ્રાંગલા ટ્રેક' માટે પસંદગી થઈ

આણંદ | આણંદની સરદાર પટેલ હાઇસ્કૂલની ભૂમિકા ગોહેલે સિક્કિમમાં ૧૮,૫૦૦ ફૂટની ઊંચાઈ સર કરી પર્વતારોહણ ક્ષેત્રે

ગુજરાતનું નામ રોશન કર્યું છે. મનાલીમાં યોજાનારા પ્રતિષ્ઠિત અને કઠિન 'પ્રાંગલા ટ્રેક' માટે પસંદગી પામનાર તે સમગ્ર રાજ્યની એકમાત્ર વિદ્યાર્થીની બની છે. ૧૫મી ઓગસ્ટે આ ટ્રેક માટે રવાના થનાર ભૂમિકાની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ, આચાર્ય યોગેશભાઈ પટેલ, ઉપાચાર્ય મિતેશભાઈ પટેલ, એન.સી.સી. કેપ્ટન સવિતા યાદવ તથા સમગ્ર શાળા પરિવારે તેને શુભેચ્છાઓ આપી હતી.

આણંદની ડી. એન. હાઈસ્કૂલમાં 'અંગ્રેજી ભાષાનું મહત્વ' વિષય પર વિશેષ સેમિનાર યોજાયો

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી. એન. હાઈસ્કૂલના ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિદ્યાર્થીઓના ભાષાકીય

કૌશલ્ય વિકાસ માટે વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા રાઈસિંગભાઈ ભોઈએ વ્યાકરણના પાયાના નિયમો દ્વારા અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવવા અને સાહિત્યની સમજ કેળવવા અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વૈશ્વિક સ્તરે અંગ્રેજીના ઉપયોગ દ્વારા સમાજમાં પ્રભાવશાળી ઓળખ ઉભી કરવા અંગે રોજિંદા જીવનના રસપ્રદ ઉદાહરણો દ્વારા સરળ શૈલીમાં સમજ પૂરી પાડી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ શૈક્ષણિક સત્રનો બહોળો લાભ લીધો હતો.

વાસદની એસવીઆઈટીની કેડેટ યુતિ શર્માએ રાજ્ય સ્તરે સુવર્ણ ચંદ્રક જીતી ગૌરવ વધાર્યું

આણંદ | ભાવનગર ખાતે યોજાયેલ એનસીસીની રાજ્ય સ્તરની ઇન્ટર ગ્રુપ કોમ્પિટિશનમાં ૧૨૦થી વધુ કેડેટ્સ વચ્ચે વિવિધ સ્પર્ધાઓ

યોજાઈ હતી. જેમાં ૧ એર વિંગ વડોદરા અને એસવીઆઈટી વાસદની વિદ્યાર્થીની યુતિ શર્માએ એકેડેમિક્સ વિભાગમાં પ્રથમ ઇનામ પ્રાપ્ત કર્યું છે. આ સંસ્થાના અધ્યક્ષ ભાવેશભાઈ પટેલ, આચાર્ય ડો. ડી.પી. સોની અને સમગ્ર એસવીઆઈટી પરિવારે યુતિને આ ગૌરવશાળી સિદ્ધિ બદલ શુભેચ્છાઓ પાઠવી છે. આ સ્પર્ધામાં ડ્રિલ, શૂટિંગ અને ટેન્ટ પીચિંગ જેવી વિવિધ શ્રેણીઓમાં રાજ્યભરના કેડેટ્સે પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું.

કપડવંજ શહેરની ભાઈલાકૂઈ પ્રાથમિક શાળામાં રસીકરણ કાર્યક્રમ યોજાયો

કપડવંજ | આંત્રોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ભાઈલાકૂઈ પ્રાથમિક શાળામાં આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ રસીકરણ

શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ફિમેલ હેલ્થ વર્કર ચેતનાબેન પટેલ અને આશાવર્કર તારાબેન દ્વારા બાળકોને રસી આપવાની કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાલવાટિકાના બાળકોને DPT અને ધોરણ ૫ ના બાળકોને TD (ઘનુર)ની રસી આપવામાં આવી હતી. શાળા પરિવાર દ્વારા આરોગ્ય ટીમનો આભાર વ્યક્ત કરી આ ઉમદા કાર્યને બિરદાવવામાં આવ્યું હતું.

કપડવંજ તાલુકાના ઘઉંમા ગામે આંગણવાડી કાર્યકરનો વિદાય સન્માન સમારંભ યોજાયો

કપડવંજ | કપડવંજ તાલુકાના ઘઉંમા સેજાના આંગણવાડી કાર્યકર જશીબેન મંગળભાઈ ચૌહાણ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા

ગ્રામજનો અને સાથી કર્મચારીઓ દ્વારા તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડો. બાબાસાહેબ આંબેડકરની છબીને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ જશીબેનને શ્રીફળ અને ચાદર ઓઢાડી ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. વક્તાઓએ જશીબેનની નિષ્ઠાપૂર્વકની ફરજ અને સરળ સ્વભાવની પ્રશંસા કરી, આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા તેમને મોમેન્ટો આપી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી. અંતમાં હરીશભાઈ ચૌહાણ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

કપડવંજમાં જીવન શિલ્પ પ્રિ-સ્કૂલમાં 'ડોક્ટર્સ ડે'ની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ

કપડવંજ | જીવન શિલ્પ પ્રિ-સ્કૂલ ખાતે ડો. ગાયત્રીબેન પંચાલ અને ડો. માનસીબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ડોક્ટર્સ ડેની ઉત્સાહભેર

ઉજવણી કરવામાં આવી હતી. નિષ્ણાત ડોક્ટરોએ બાળકોને હાથ ધોવાની પદ્ધતિ, વ્યક્તિગત સ્વચ્છતા અને પૌષ્ટિક આહારના મહત્વ વિશે ખૂબ જ સરળ અને રસપ્રદ શૈલીમાં માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે શાળાના ડાયરેક્ટર સિદ્ધાર્થ પટેલ અને આચાર્ય રીનાબેન જોષીએ આમંત્રિત ડોક્ટરોનો આભાર વ્યક્ત કરી તેમના સેવાકાર્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં બાળકોએ દૈનિક જીવનમાં સ્વચ્છતા અને સ્વસ્થ જીવનશૈલી જાળવવાના મહત્વપૂર્ણ પાઠ શીખ્યા હતા.

નડિયાદના વેલફેર એન્ડ એજ્યુકેશનલ સોસાયટી દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું

નડિયાદ | નડિયાદની વેલફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી, ખેડા જિલ્લાના 44મા ઇનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યક્ષ પદે અકબરભાઇ મેમણ હાજર રહ્યાં હતાં. આ સમારંભમાં એસએસસીથી અનુસ્નાતક અને ડોક્ટર, ઇજનેર અને સીએ જેવી ઉચ્ચ ડિગ્રીઓ મેળવી સમાજનું ગૌરવ વધારનારા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે હરિશભાઈ શાહ, ડો. પરવીન મન્સૂરી હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ રતનપુરની ભારત રતન હાઇસ્કૂલ ટ્રસ્ટના ચેરમેન મોહમ્મદખાન પઠાણનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સેક્રેટરી ઇકબાલ મેમન, મુસ્તુફાખાન પઠાણ, ઉપપ્રમુખ સલીમભાઈ ડૂચ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

નડિયાદના હઠીપુરા પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કિટ અને નોટબુકનું વિતરણ કરાયું

નડિયાદ | હઠીપુરા પ્રાથમિક શાળામાં ડભાણના વતની મિતેશકુમાર પટેલ દ્વારા તમામ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની નોટબુક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રવેશોત્સવ અંતર્ગત બાલવાટિકા અને ધોરણ-૧ ના નાના બાળકોને સ્લેટ તેમજ દેશીહિસાબ આપી શૈક્ષણિક પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આચાર્ય મયુરિકાબેન રાજપૂતના મિત્ર એવા દાતાશ્રીના આ સહયોગથી શાળાના બાળકોમાં આનંદની લાગણી છવાઈ હતી. આ ઉમદા કાર્ય બદલ શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ દ્વારા દાતાશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

નડિયાદના કમળા ગામે સહકાર સપ્તાહ નિમિત્તે વૃક્ષારોપણ દિવસની ઉજવણી કરાઇ

નડિયાદ | નડિયાદ તાલુકાના કમળા સ્થિત મહાકાલેશ્વર મહાદેવ મંદિરે સહકાર સપ્તાહના ભાગરૂપે છોટાલાલ વ્યાસ સહકારી

વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા વૃક્ષારોપણ કરાયું હતું. આ કાર્યક્રમ શીતલકુમાર ભટ્ટના અધ્યક્ષ સ્થાને અને અલ્પાબેન પટેલની ખાસ ઉપસ્થિતિમાં તેમજ સમરસ ગ્રામ પંચાયતના સભ્ય સમીરભાઈ પટેલના સહયોગથી યોજાયો હતો. જેમાં તાલીમ કેન્દ્રના અધ્યાપક વૈશાલીબેન રાવલ, ઉદેસિંહ વાઘેલા તથા કમળા સેવા સહકારી અને દૂધ મંડળીના પ્રતિનિધિઓ સહભાગી થયા હતા. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા વિવિધ વૃક્ષોના રોપાઓ વાવીને પર્યાવરણ સુરક્ષાના સંકલ્પ સાથે સહકાર સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.